# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના ફરીદાબાદમાં ઉત્તર ક્ષેત્રીય પરિષદની બેઠકની અધ્યક્ષતા કરશે.

2) NIAએ લાલ કિલ્લા કાર બોમ્બ વિસ્ફોટ કેસમાં દિલ્હીમાં કાશ્મીરી આમિર રાશિદ અલીની ધરપકડ કરી.

3) બિહારમાં નવી સરકારની રચનાને લઈને NDA ગઠબંધનમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ.

4) ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને મીડિયા સંગઠનોને 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે હાકલ કરી.

5) ભારતીય તીરંદાજ કુશલ દલાલે જીટી ઓપન ઇન્ડોર વર્લ્ડ સિરીઝમાં પુરુષ કમ્પાઉન્ડ ટાઇટલ જીત્યું.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SHAH - NORTHERN ZONAL COUNCIL

ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના ફરીદાબાદમાં ઉત્તર ક્ષેત્રીય પરિષદની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં હરિયાણા, હિમાચલ પ્રદેશ અને પંજાબના મુખ્યમંત્રીઓ, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના ઉપરાજ્યપાલો અને ચંદીગઢના પ્રશાસક ઉપસ્થિત રહેશે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

(V/C: SHAKTI-SINH)

આ પરિષદ મિત્રતા અને સદ્ભાવનાના વાતાવરણમાં મુશ્કેલ અને જટિલ મુદ્દાઓને ઉકેલવા માટે ઉપયોગી પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. ચર્ચાઓ દ્વારા, પ્રાદેશિક પરિષદો મહત્વપૂર્ણ સામાજિક-આર્થિક મુદ્દાઓ પર રાજ્યો વચ્ચે સંકલિત અભિગમ વિકસાવવામાં મદદ કરે છે.

# NIA-ARREST

રાષ્ટ્રીય તપાસ એજન્સી NIAએ લાલ કિલ્લા કાર બોમ્બ વિસ્ફોટ કેસમાં દિલ્હીમાં કાશ્મીરી આમિર રાશિદ અલીની ધરપકડ કરી છે. રાશિદે આત્મઘાતી બોમ્બર ઉમર નબી સાથે મળીને આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું, જેમાં 10 નિર્દોષ લોકોના મોત થયા હતા અને લગભગ 25 અન્ય ઘાયલ થયા હતા.

NIA એ જણાવ્યું હતું કે હુમલામાં સામેલ કાર આમિરના નામે નોંધાયેલી હતી. આતંકવાદ વિરોધી એજન્સીએ નબીનું બીજું વાહન પણ જપ્ત કર્યું છે. આ કેસમાં પુરાવા માટે વાહનની તપાસ કરવામાં આવી રહી છે. NIA એ અત્યાર સુધીમાં 73 સાક્ષીઓની પૂછપરછ કરી છે, જેમાં વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોનો પણ સમાવેશ થાય છે.

તપાસ એજન્સી દિલ્હી પોલીસ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, હરિયાણા પોલીસ, ઉત્તરપ્રદેશ પોલીસ અને વિવિધ સહયોગી એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે.

# BIHAR - GOVT FORMATION

બિહારમાં નવી સરકારની રચનાને લઈને NDA ગઠબંધનમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. પટના અને નવી દિલ્હીમાં NDA ગઠબંધનના સભ્યો વચ્ચે ચર્ચાઓ અને બેઠકો ચાલી રહી છે. મંત્રીમંડળની રચના અને મંત્રી પરિષદમાં વિવિધ પક્ષોના પ્રતિનિધિત્વ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચાઓ ચાલી રહી છે. વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, તેને 89 બેઠકો મળી છે. ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) 19 બેઠકો જીતી, હિન્દુસ્તાની અવમ મોરચાએ પાંચ અને રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠકો જીતી.

દરમ્યાન જનતા દળ (યુનાઇટેડ) આજે પટનામાં પોતાના નેતાની પસંદગી માટે બેઠક કરશે. નવા ચૂંટાયેલા 85 જનતા દળ (યુનાઇટેડ) વિધાનસભા પક્ષના સભ્યો સર્વાનુમતે નીતિશ કુમારને પક્ષના નેતા તરીકે ચૂંટે તેવી અપેક્ષા છે. ભારતીય જનતા પાર્ટી આજે તેના વિધાનસભા પક્ષના નેતાની પણ પસંદગી કરશે. આ પછી, NDA બેઠક યોજાશે. નવા ચૂંટાયેલા NDA વિધાનસભા પક્ષના

સભ્યોની બેઠક પણ આજે અપેક્ષિત છે. ત્યારબાદ NDA પોતાના નેતાની પસંદગી કરશે અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

આ પહેલા વર્તમાન સરકારના મંત્રી પરિષદની અંતિમ બેઠક આજે મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં યોજાશે. આ બેઠકમાં વર્તમાન મંત્રી પરિષદને ભંગ કરીને નવી સરકાર બનાવવાનો ઠરાવ પસાર કરવામાં આવશે. ત્યારબાદ, મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજ્યપાલને પોતાનું રાજીનામું સુપરત કરશે.

દરમિયાન નવી સરકારના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ સમારોહ પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં યોજાશે, જ્યાં રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન નવા મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓને શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહ 20 નવેમ્બરના રોજ થવાની ધારણા છે. દરમિયાન, પટના જિલ્લા વહીવટીતંત્રે આજથી 20 નવેમ્બર સુધી ગાંધી મેદાનને જાહેર મેળાવડા માટે બંધ કરી દીધું છે.

બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી વિનોદસિંહ ગુંજિયાલે પટનાના રાજભવન ખાતે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને 243 નવા ચૂંટાયેલા ધારાસભ્યોની યાદી સોંપ. આ યાદીમાં NDAના 202, મહાગઠબંધનના 34 અને AIMIM, ભારતીય સમાવેશી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી સહિત તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોના નામનો સમાવેશ થાય છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

(V/C: VAISHNAVI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## HYD-VICE PRESIDENT

**ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને મીડિયા સંગઠનોને 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે હાકલ કરી હતી. હૈદરાબાદમાં પ્રથમ રામોજી એક્સેલન્સ એવોર્ડ્સ 2025 એનાયત કરતાં તેમણે કહ્યું કે ખોટી માહિતી અને સોશિયલ મીડિયાના વર્ચસ્વના યુગમાં મીડિયાએ સાચી નિષ્પક્ષતા જાળવી રાખવી જોઈએ.**

**ઉપરાષ્ટ્રપતિએ ગ્રામીણ વિકાસ અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત સાત ક્ષેત્રોમાં રામોજી એક્સેલન્સ એવોર્ડ્સ એનાયત કર્યા હતા. વક્તાઓએ તેલુગુ ભાષા, પત્રકારત્વ અને મીડિયા સહિત અન્ય ક્ષેત્રોમાં રામોજી રાવ દ્વારા કરવામાં આવેલા કાર્યને યાદ કર્યું.**

# IMD - WEATHER

હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આંધ્રપ્રદેશ, કેરળ અને માહેમાં ભારે વરસાદની આગાહી છે.

વિભાગે આગામી બે થી ત્રણ દિવસ સુધી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી આગાહી કરી છે. છત્તીસગઢ, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને વિદર્ભમાં આજે ઠંડીનું મોજું ફરી વળવાની સંભાવના છે.

# ARCHERY GT OPEN

ભારતીય તીરંદાજ કુશલ દલાલે લક્ઝમબર્ગમાં જીટી ઓપન ઇન્ડોર વર્લ્ડ સિરીઝમાં પુરુષ કમ્પાઉન્ડ ટાઇટલ જીતી લીધું છે.

કુશલે ડબલ્સ શૂટ-ઓફમાં અમેરિકાના ભૂતપૂર્વ વિશ્વ નંબર વન તીરંદાજ સ્ટીફન હેન્સનને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. કુશલે સેમિફાઇનલમાં ફ્રાન્સના વિશ્વ ચેમ્પિયન નિકોલસ ગેરાર્ડને હરાવ્યો હતો. ભારતના ગણેશ મણિરત્નમ તિરુમુરુએ અંડર-21 પુરુષોની કમ્પાઉન્ડ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# FIDE CHESS WORLD CUP

ગોવાના પણજીમાં યોજાયેલા FIDE ચેસ વિશ્વ કપ સ્પર્ધામાંથી પી હરિકૃષ્ણ ગઇકાલે પાંચમા રાઉન્ડમાં મેક્સિકોના માર્ટિનેઝ અલકાન્ટારા સામે ટાઈ-બ્રેકમાં હારી ગયા હતા. અર્જુન એરિગાઈસી હવે સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે.

શનિવારે ગ્રાન્ડ માસ્ટર અર્જુન એરિગાઈસી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં બે વખતના ચેમ્પિયન યુએસએના લેવોન એરોનોનિયનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા. આજે ક્વાર્ટર ફાઇનલમાં એરિગાઈસી ચીનના જીએમ વેઈ યીનો સામનો કરશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોના મુખ્ય સમાચારોમાં. આરજે ડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવના પરિવારના વિખવાદ અને ઉત્તર ભારતના રાજ્યોમાં ઠંડીના સમાચારોને મુખ્ય મથાળામાં લેવાયા છે.
- ગુજરાત સમાચાર લખે છે. ઠંડીમાં ધ્રુજતું ઉત્તર ભારત- દક્ષિણમાં ભારે વરસાદની આગાહી....
- નવ ગુજરાત સમયની હેડલાઈન છે.. ઉત્તર ભારતના રાજ્યોમાં કોલ્ડ વેવ- દક્ષિણમાં ભારે વરસાદની આગાહી....
- સંદેશને મુખ્ય હેડલાઈન છે.. યાદવાસ્થળી લાલુના પુત્રી-પુત્ર સામસામે.
- ગુજરાત સમાચારે અન્ય હેડલાઇનમાં ... દિલ્હી વિસ્ફોટની તપાસ છ રાજ્યો સુધી પહોંચી.. ને સ્થાન આપ્યું છે
- દિવ્ય ભાસ્કરે .. વિકાસનું રાજભવન મોડલ મથાળા હેઠળ.. એવા રાજ્યપાલ, જેઓ ગામની શેરીમાં સફાઈ કરે, ગાય દોહે અને ખેતરમાં હળ પણ ચલાવી જાણે છે.. સમાચારને સ્થાન આપ્યું છે
- સ્થાનિક સમાચારોમાં.. જો પાણીની કરકસર નહીં કરાય તો ગુજરાતમાં જળ સંકટ સર્જાશે ... શહેરના વૃદ્ધ દંપત્તિને દસ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી **17.10** લાખ પડાવ્યા ....શહેરમાં બીઆરટીએસ, આઇસર અને ટુવિલરથી સર્જાતા અકસ્માતો સૌથી વધુ જીવલેણ સાબિત થયા અને ગુજરાતમાં નકલી પ્રતિબંધિત દવાઓનો કાળો કારોબાર ફુલ્યો ફાલ્યો - દર્દીઓના જીવને જોખમ... જેવા સમાચારોને સ્થાન અપાયું છે